# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)
# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૪૩૬૦૪ તા. ૨૮/૦૯/૨૦૧૯

**પરિપત્ર-૯૬૭**

સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા.૦૫/૦૯/૨૦૧૯ નો પરિપત્ર-૯૪૧ નં.એસજીજીયુ/વહીવટ/૨૦૧૯/૪૩૩૪૮

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રો આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓને ઉપરોક્ત સંદર્ભ દર્શિત પરિપત્રથી તેમની કૉલેજ/માન્ય અનુસ્નાતક કેન્દ્રમાં સેમેસ્ટર-૧, ૩ અને ૫ માં સીધો પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ ઓનલાઈન ભરવાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવેલ હતો. આ સંદર્ભમાં માન. કુલપતિશ્રીના આદેશ અનુસાર માત્ર સેમેસ્ટર-૧ માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાના સમયપત્રકમાં નીચે મુજબ સુધારો જાહેર કરવામાં આવે છે.

| વિગત | રેગ્યુલર ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | લેઈટ ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ | દંડાત્મક ફી સાથે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ |
|---|---|---|---|
| સ્નાતક કક્ષાના સેમેસ્ટર-૧ ના એનરોલમેન્ટ/ રજીસ્ટ્રેશન બાબત | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- સાથે તા. ૦૫/૧૦/૨૦૧૯ રાત્રીના ૧૨ કલાક સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ = ૩૦૦/- તા.૧૦/૧૦/૨૦૧૯ રાત્રીના ૧૨ કલાક સુધી | ફોર્મ ફી + એનરોલમેન્ટ ફી રૂ. ૨૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી રૂ. ૫૦૦ = ૮૦૦/- તા.૧૧/૧૦/૨૦૧૯ રાત્રીના ૧૨ કલાક સુધી |
| અનુસ્નાતક કક્ષાના સેમેસ્ટર-૧ ના રજીસ્ટ્રેશન બાબત | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- સાથે તા. ૦૫/૧૦/૨૦૧૯ રાત્રીના ૧૨ કલાક સુધી | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ = ૭૦૦/- તા.૧૦/૧૦/૨૦૧૯ રાત્રીના ૧૨ કલાક સુધી | ફોર્મ ફી + રજીસ્ટ્રેશન ફી રૂ. ૫૦૦/- + લેઈટ ફી રૂ. ૧૦૦ + દંડાત્મક ફી તા.૧૧/૧૦/૨૦૧૯ રાત્રીના ૧૨ કલાક સુધી |

નોંધ :

(૧) જે કોલેજોએ સંદર્ભ દર્શિત પરિપત્ર અન્વયે એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ ભરવાની અને હાર્ડકોપી વેરીફાઈ કરવાની પ્રક્રિયા પૂર્ણ કરી લીધેલ છે તેઓએ આ અંગેની ફી ભર્યાની રીસીપ્ટ અને આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત ચેકલીસ્ટની નકલ ઈ-મેઈલ આઈ.ડી. webmaster@sggu.ac.in પર સત્વરે મોકલી આપવી જેથી આપનો ઈ-મેઈલ મળ્યાના બીજા દિવસથી આપની કોલેજના પરીક્ષા આવેદનપત્ર જનરેટ થઈ શકે તથા આ પરિપત્ર અનુસાર જે કોલેજોએ ફોર્મ ભરવાની અને હાર્ડકોપી વેરીફાઈ કરવાની પ્રક્રિયા પૂર્ણ થયે આ અંગેની ફી ભર્યાની રીસીપ્ટ અને આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત ચેકલીસ્ટની નકલ ઈ-મેઈલ આઈ.ડી. webmaster@sggu.ac.in પર સત્વરે મોકલી આપવી જેથી આપનો ઈ-મેઈલ મળ્યાના બીજા દિવસથી આપની કોલેજના પરીક્ષા આવેદનપત્ર જનરેટ થઈ શકે અને નિયત સમય મર્યાદામાં આ પ્રક્રિયા પૂર્ણ થઈ શકે

(૨) રેગ્યુલર ફી સાથેના એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ તા.૦૫/૦૯/૨૦૧૯ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધીજ ભરી શકાશે ત્યારબાદ ફોર્મ ભરી શકાશે નહી. આ એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ વેરીફાઈ કરી જો કોઈ સુધારો હોય તો તા.૦૯/૧૦/૨૦૧૯ ના રોજ બપોરે ૧:૦૦ કલાક સુધીમાં પૂર્ણ કરી આ અંગેની ફી ભર્યાની રીસીપ્ટ અને આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત ચેકલીસ્ટની નકલ તા.૦૯/૧૦/૨૦૧૯ ના રોજ બપોરના ૦૩:૦૦ વાગ્યા સુધીમાં ઈ-મેઈલ આઈ.ડી. webmaster@sggu.ac.in પર મોકલી આપવાની રહેશે.

(૩) લેઈટ ફી સાથે ફોર્મ ભરવા માટે માત્ર તા.૧૦/૧૦/૨૦૧૯ રોજ પોર્ટલ ઓપન રહેશે તથા તા.૧૧/૧૦/૨૦૧૯ ના રોજ બપોરના ૦૨:૦૦ કલાક સુધીમાં ફી ભર્યાની રીસીપ્ટ અને આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત ચેકલીસ્ટની નકલ ઈ-મેઈલ આઈ.ડી. webmaster@sggu.ac.in પર મોકલી આપવાની રહેશે.

(૪) દંડાત્મક ફી સાથે ફોર્મ ભરવા માટે માત્ર તા.૧૧/૧૦/૨૦૧૯ રોજ પોર્ટલ ઓપન રહેશે તથા તા.૧૨/૧૦/૨૦૧૯ ના રોજ બપોરના ૦૨:૦૦ કલાક સુધીમાં ફી ભર્યાની રીસીપ્ટ અને આચાર્યશ્રી દ્વારા પ્રમાણિત ચેકલીસ્ટની નકલ ઈ-મેઈલ આઈ.ડી. webmaster@sggu.ac.in પર મોકલી આપવાની રહેશે.

(૫) એનરોલમેન્ટ/રજીસ્ટ્રેશન ફોર્મ સંબંધિત અન્ય તમામ સૂચનાઓ સંદર્ભ દર્શિત પરિપત્ર અનુસારની રહેશે જે ધ્યાને લેશો.

કા. કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,
- આ યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને કાયદા વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની કૉલેજો/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના આચાર્યશ્રીઓ/પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.